નોટ.

(સંસ્થાન પોરબંદરની ભૂગોળની.)

બનાવનાર,
જ. કા. પાઠક.

અમદાવાદ.
ધી યુનીયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડ.

સંવત ૧૯૬૦ સને ૧૯૦૩

કીમત રૂ. ૦-૧-૬

નોટ.

(સંસ્થાન પોરબંદરની ભૂગોળની.)

બનાવનાર,

જ. કા. પાઠક.

અમદાવાદ.

ધી યુનીયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડ,

સંવત. ૧૯૬૦ સને ૧૯૦૩

કીમત રૂ. ૦-૧-૬

संस्थान पोरबंदरनी भूगोळनी

नोट.

સામાન્ય હકીકત.

હદ—આ સંસ્થાનની ઉત્તરે નવાનગરનું રાજ્ય, પૂર્વે નવાનગર તથા જૂનાગઢનું રાજ્ય, ને પશ્ચિમે તથા દક્ષિણે આરબી સમુદ્ર છે.

વિસ્તાર—આ રાજ્યનું ક્ષેત્રફળ ૬૪૨ા ચોરસ મૈલ છે. તેની વધારેમાં વધારે ઉત્તર દક્ષિણ લંબાઇ ૫૮ મૈલ છે. પૂર્વ પશ્ચિમ પહોળાઇ ૨૩ મૈલ છે.

પર્વત—આ રાજ્યની પૂર્વે બરડો પર્વત આવેલો છે. તેમાં ૧ આભપરો ૨ કાનમેરો ૩ માલિક ૪ કાળો ૫ સાઠબગાડી ૬ ઘેલનસાર એ ઉંચાં શિખરો છે. ને ૭ ધરફાડીઓ ૮ ધ્રામણીઓ ૯ હડીઓ ૧૦ ચરમો ૧૧ ઢેઢીગુઓ એ નાનાં શીખરો છે.

નદીઓ—(૧) ભાદર (૨) ઓઝત (૩) મધુવંતી (૪) મીણસાર (૫) બીલગંગા (૬) વરતુ (૭) સોરઠી. એ આ સંસ્થાનમાં નદીઓ છે. તે સિવાય નાના વોકળા પણ ઘણા છે.

તળાવ—(૧) ખંભાળા તળાવ (૨) ગંગાજળીઉં તળાવ—વીસાવાડા પાસે છે. (૩) રૂપાળીબાનું તળાવ.—પોરબંદરમાં છે.

બંદર—(૧) પોરબંદર (૨) નવીબંદર (૩) માધવપુર. તેમાંનું છેલ્લું આડબંદર છે. મિયાણી બંદર હમણાં નકામું થયું છે.

જમીન—(૧) ચીત (૨) બારેત (૩) ઘેડ. એ ત્રણ પ્રકારની આ રાજ્યમાં જમીન છે. તેમાંની ઘેડમાં જ્યારે વરસાદનું પાણી ભરાય છે ત્યારે કાંઇક પાક થાય છે. પણ દરિયાનું પાણી ભરાય છે ત્યારે તો કાંઇજ પાક થતો નથી. આ સંસ્થાનમાં ત્રણ ઘેડો છે. (૧) મિયાણી પાસે (૨) મોઢવાડા પાસે (૩) નવીબંદર માધવપુર વચ્ચે.

પેદાશ—અહીંની જમીનમાં બાજરો, જાર, ડાંગર, ઘઉં, ચણા, મગ, અડદ, વાલ, તલ, ધાણા, એરડી, બંટી, કાંગ, ચીણો, શેરડી, તમાકુ, કપાસ, મેથી, નાળીએર વગેરે થાય છે. વળી આદિત્યાણા પાસે ધોળા પથ્થરની ઘણી ખાણો છે. બખરલા પાસેની જમીનમાંથી લોઢું ને તાંબું પણ નીકળે તેમ છે.

વેપાર—(૧) જળ રસ્તે (૨) જમીન રસ્તે. એમ બે રીતે વેપાર ચાલે છે. તેમાં જળરસ્તે વહાણો ને આગબોટો કરાંચી, વેરાવળ, દીવ, મુંબાઇ, મલબાર, એડન ને નાતાલ સુધી અહીંથી અનાજ, રૂ ને પથ્થર વગેરે લઇ જાય

છે. ને પરદેશથી કાપડ, કપાશીઆ, વસાણું વગેરે લાવે છે. જમીન રસ્તે વેપાર રેલવે કે ગાડાં મારફત ચાલે છે. અહીંના લોકો મુંબાઈ, એડન નાતાલ વગેરે ઠેકાણે ઘણા જાય છે. ને સારી કમાણી પણ કરી લાવે છે.

લોકો—સને ૧૯૦૧ માં આ રાજ્યની વસ્તી ૮૨૬૪૦ હતી. તેમાં ૭૧૬૪૨ હિંદુ, ૯૭૪૧ મુસલમાન ને બીજા પરચુરણ હતા. ભાષા ઘણે ભાગે ગુજરાતી ને કેટલાકની જાડેજી કે કચ્છી હતી.

જાત્રાનાં ઠેકાણાં—

(૧) પોરબંદર—સુદામાજીનું મંદિર છે. ને તેથી કોઇ તો આ શહેરને સુદામાપુરિ પણ કહે છે.

(૨) માધવપુર—ત્યાં માધવરાયજી ને રૂકિમણીજીનાં દહેરાં છે.

(૩) બીલેશ્વર—પ્રખ્યાત શિવલીંગ ત્યાં છે.

(૪) મિયાણી—હર્ષદ માતાનું સ્થાન છે.

(૫) વીસાવાડા—એને મૂળદ્વારકાં પણ કહે છે. ત્યાં રણછોડરાયનાં જૂનાં દહેરાં છે.

(૬) બળેજ ને ઓડદર—રબારી લોકોની માતાના મઠ છે.

રાજ્ય રચના—આ રાજ્યની ઉપરી સત્તા ખુ. ને. ના. મહારાણા શ્રી ભાવસિંહજી સા. ના હાથમાં છે. તેઓ શ્રી પહેલા વર્ગની સત્તા ભોગવે છે. તેઓ તથા તેમના રા. બ. દિવાનશ્રી રાજ્યનાં તમામ ખાતાંની દેખરેખ રાખે છે. આ રાજ્યના ચાર વિભાગ પાડેલા છે તેનાં નામ (૧) પોરબંદર શહેર (૨) અડવાણા મહાલ (૩) રાણાવાવ

મહાલ (૪) નવી મહાલ. એ દરેકમાં વસુલાત કરવા એક એક મામલતદાર ને તેના હાથ નીચે તજવીજદારો ને ટપેદારો છે. વળી લોકોના રક્ષણ માટે દરેક મહાલમાં ફોજદાર ને તેના હાથ નીચે હવાલદાર, નાયક, પોલીસો, પટેલો ને ચોકીઆતો છે. આ સંસ્થાનની દર વરસે સરેરાશ ઉપજ સાડા પાંચ લાખ રૂપિયા છે. આ રાજ્યમાં કુલ ૯૮ ગામ ને ૧૭ નેસો છે. તેમાં નીચે પ્રમાણે ભાયાતી, ખેરાતી ને મેરપસાયતાં ગામો છે.

ભાયાતી ગામો—(૧) શ્રીનગર (૨) મોરાણા (૩) કાટવાણા (૪) વાછોડા (૫) લાવડીઆ (૬) પાંડાવદર (૭) ખરડીઆ (૮) બાપોદર. એ આઠ છે.

ખેરાતી ગામો—(૧) રોઝીવાડા (૨) શીંગડા (૩) બીલેશ્વર. એ ત્રણ છે.

મેરપસાયતાં ગામો—(૧) ઓડદર (૨) ગોખીરા (૩) કુછડી (૪) દેહેગામ (૫) રાતડી (૬) વીસાવાડા (૭) મોઢવાડા (૮) બારવાડા (૯) ફટાણા (૧૦) સોઢાણા (૧૧) ટુકડા (૧૨) કેશવ (૧૩) ખાંભોદર (૧૪) બખરલા (૧૫) નાગકા (૧૬) ખીસ્રી. એ સોળ ગામો છે.

ઉપર જણાવેલા રાજ્યના ચારે વિભાગની હકીકત નીચે પ્રમાણે છે.

(૧)

પોરબંદર શહેર.

સીમા—સંસ્થાનની રાજધાનીનું આ શહેર આરબી સમુદ્રને કાંઠે છે. તેની પશ્ચિમે તથા દક્ષિણે સમુદ્ર, ઉત્તરે ખાડી ને પૂર્વે જૂની રાજધાની છાંયા છે.

બીના—આ શહેર આખા હિંદુસ્થાનમાં **સુદામાપુરી** નામથી જાણીતું છે. કહે છે કે દ્વારકાના રાજા શ્રીકૃષ્ણનો બાળ મિત્ર સુદામો નામનો બ્રાહ્મણ પહેલાં અહીં રહેતો હતો. તેની હાલત ઘણી ગરીબ હોવાથી તે પોતાના બાળમિત્ર શ્રીકૃષ્ણ પાસે ગયો ને સ્નેહ ભાવે તાંદુલ ભેટ આપતાં ઘણી દોલત પામ્યો. હજુ પણ આ ઠેકાણે સુદામાનું મંદિર છે ને ત્યાં ઘણે દૂરથી લોકો જાત્રાએ આવે છે.

વસ્તી—સને ૧૯૦૧ માં અહીંની વસ્તી ૨૪૬૨૦ હતી. તેમાં ૧૭૮૬૨ હિંદુ, ૫૫૫૬ મુસલમાન ને બીજા પરચુરણ હતા. હિંદુમાં ઘણી જાતના બ્રાહ્મણ, વાણીઆ, ભાટીઆ, લુવાણા, કારીગર, રબારી, ખારવા ને મોચ હતા. મુસલમાનમાં મેમણ, ખોજા, સંધી, પઠાણ, આરબ વગેરે હતા. ને થોડા પારસી પણ હતા. હિંદુઓમાં શીવપંથી, વૈષ્ણવ પંથી, જૈનમાર્ગી કે મોટાપંથી હતા. ને મુસલમાનો ઇસ્લામી હતા. આ શહેરના લોકો જૂના વખતથી વહાણની લાંબી સફરો કરે છે. ને તેથી તેમાંનાં ઘણાં કુટુંબો સારી હાલતમાં છે. અહીંના ખારવા વહાણ ચલાવવામાં હોંશી-

આર છે. સલાટો પથ્થરની કોતરણીનું ને ખત્રીઓ રેશમી વણાટનું કામ સારૂં કરે છે.

વેપાર—વહાણો ને આગબોટોની આવજાવાળું આ બંદર રેલવેનું પણ સ્ટેશન હોવાથી વેપાર ઘણો ચાલે છે. વળી આ બંદરે ધનવાન્ વેપારીઓએ પોતાના ખરચથી વહાણો ને મછવા બંધાવેલા છે. વળી વહાણોને રહેવા માટે સલામતીવાળી ખાડી છે. આવતા જતા માલપર જકાત લેવાને રાજ્ય તરફથી બંદરકાંઠે ઓફીસ બાંધેલી છે. તેને કસ્ટમ ઓફીસ કહે છે. જકાતની ઉપજ સંસ્થાનને આશરે એક લાખ રૂપિયાથી સવા લાખ રૂપિયા સુધી છે.

રાજ્ય વ્યવસ્થા—આ શહેર રાજધાની હોવાથી હીઝહાઇનેસ નામદાર મહારાણા સા. ને રા. બ. દિવાન સા. અહીં રહે છે. તેમની કોર્ટ તે હજુર કોર્ટ કહેવાય છે. તેમની દેખરેખ નીચે આ શહેરની બધી કોર્ટો છે. આ શહેરમાં નીચે પ્રમાણે કોર્ટો છે. (૧) સરન્યાયાધીશ કોર્ટ (૨) પહેલા વર્ગના માજીસ્ત્રેટની કોર્ટ (૩) બીજા વર્ગના માજીસ્ત્રેટની કોર્ટ (૪) ત્રીજા વર્ગના માજીસ્ત્રેટની કોર્ટઃ વસુલાત કરવાને શહેર મામલતદાર અહીં રહે છે. તથા લોકોના રક્ષણ માટે શહેર ફોજદાર, રસાલદાર, જમાદાર, નાયક, ઘોડેસ્વાર, પાયદળ પોલિસ, વગેરે પણ છે. વળી ગુનેગારોને રાખવા જેલ છે. વળી લોકોના સુખ માટે દવાખાનું, નિશાળો, લાઇબ્રેરી (પુસ્તકશાળા) સુધરાઇ ખાતું (મ્યુનિસીપાલીટી) પણ છે. સંસ્થાનને ખર્ચે એક છાપખાનું

ચાલે છે ને તેમાં પંદર પંદર દિવસે "સ્ટેટગઝેટ" છપાય છે. વળી સરકાર તરફથી તાર ને ટપાલ પણ છે.

જોવા લાયક જગાઓ — આ શહેરમાં રાજ કુટુંબને રહેવા માટે દરિયાકાંઠે બાંધેલો રાજમેહેલ સુંદર મકાન છે. વળી 'સુદામા મંદિર,' 'વિકટોરિયા હોલ,' ત્રવડો,' રાજવાડી, હજુર ઓફીસ વગેરે પણ જોવા લાયક છે. આ શહેરમાં મોટા નાના તેર બગીચા છે. તેમાં નાળિએરી, કેળ, પોપૈયા. વિ. ઘણાં થાય છે.

વિશેષ બીના—આ શહેરની હવા સમુદ્ર પાસે હોવાથી શીતળ રહે છે. ને તેથી ઉનાળામાં ઘણા સાહેબ લોકો હવા ખાવા આવે છે. આ શહેરની આસપાસની જમીન કાદાવાળી ને રેતાળ હોવાથી ખેતી ઘણી થોડી જમીનમાં થાય છે. ને તેમાં પણ ઘણે ભાગે ખોજા લોકો મરચાં, મેથી વગેરે બકાલાનો પાક નીપજાવે છે. અહીંની જમીનને નાળિએરીનો પાક ઘણો માફક આવતો જણાય છે.

(૨)

અડવાણા મહાલ.

સીમા.—ઉત્તરે નવાનગર સંસ્થાન, પૂર્વે પણ તે જ, દક્ષિણે રાણાવાવ મહાલ ને પશ્ચિમે આરબી સમુદ્ર છે.

નદીઓ.—(૧) **વરતુ**:—ગોપના ડુંગરમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે તેનાપર પારાવાડા, ભોમિયાવદર, મોરાણા, મંજીવાણા, ફટાણા, શીંગડા ને મિયાણી છે.

(૨) **સોરઠી**:—ખોખરીની ડુંગરીમાંથી નીકળી વરતુને મળે છે, તેનાપર અડવાણા ને સોઢાણા છે.

તળાવ.—(૧) ગંગાજળીઉં તળાવ—એ વીસાવાડા પાસે છે.

બંદર—આ મહાલનાં ઘણાં ગામો દરીઆકાંઠે આવેલાં છે. પણ કોઇ બંદર તરિકે કામમાં લેવાતું નથી. મિયાણી પહેલાં બંદર તરિકે ઉપયોગમાં આવતું, પણ ખાડીના મોંમાં રેતી પૂરાઇ જવાથી હવે નકામું થયું છે.

લોકો—આખા મહાલની વસ્તી સને ૧૯૦૧ માં ૨૨૯૧૨ માણસો હતાં. તેમાં હિંદુ ૨૨૩૩૦, મુસલમાન ૫૬૦, ને પરચુરણ ૨૨ હતાં. આ મહાલમાં મેરલોકોની વસ્તી ઘણી છે. એમાંના રાજશાખા જાતના મેર જેઠવાના વંશજો હોવાનો દાવો કરે છે. ને પોતાની ઉત્પત્તિવિષે કહે છે કે અમારો મૂળપુરુષ રણધીરજી જેઠવો છે. તેણે કેશવાળા શાખાના મેરની દીકરી સાથે લગ્ન કર્યાં. ને પોતાનો રાજગાદી ઉપરનો હક છોડી દઇ—પોતાના

નાનાભાઇને-પોતાની આંગળી કાપી તેના લોહીથી રાજતિલક કર્યું ને એજ રીત પ્રમાણે હજુ જેઠવારાણાને મેરલોકો રાજતિલક કરે છે. એ વાતનું ગમે તેમ હો. પણ આટલું તો ખરૂં છે કે મેરલોકોએ રાજમાતા કલાંબાઇના લશ્કરનું અચ્છું કામ બજાવ્યું હતું.;ને ગયેલું રાજ્ય પાછું મેળવી આપ્યું છે. ને રાજમાતાએ પણ તેમને ગરાશયતાં ગામો નવાજી સારો લાભ આપ્યો છે.

જમીન—આ મહાલની જમીન સપાટ છે. તેમાં બે ઘેડા છે. (૧) મિયાણી પાસે (૨) મોઢવાડા પાસે. તેમાંની પહેલી ઘેડમાં મીઠું પાણી ભરાવાથી ડાંગરનો સારો પાક થાય છે. ને બીજી ઘેડમાં જ્યારે દરિયાનું પાણી ભરાય છે ત્યારે કાંઇ પાક થતો નથી. કિન્નરીખાડીના મોંવાટે ધસી આવતું ખારૂં પાણી જો અટકાવવામાં આવે તો આ ઘેડ રસાળપ્રદેશ થાય. બખરલા ને પાલખડા પાસેની જમીનમાં તાંબું તથા લોઢું નીકળતું; પણ પરદેશની હરીફાઇમાં ટકી નહિ શકવાથી હમણાં ખાણો બંધ થયેલી છે.

વિશેષ હકીકત—મિયાણી ને શ્રીનગર એ જૂનાસમયમાં જાણીતાં હતાં વળી વીસાવાડા ને કાંટેલામાં પણ જૂના લેખો મળી આવ્યા છે.

રાજ્ય વહીવટ—બગવદરમાં આ મહાલના વહીવટમાટે મામલતદાર ને તેના હાથ નીચેના તજવીજદાર રહે છે. વળી ત્યાં ફોજદાર, બીજાવર્ગના મા-

જીસ્નોટ વગેરે પણ છે. વળી મહાલના લોકોના સુખમાટે દવાખાનું પણ રાખેલું છે. આ મહાલનાં ગામોમાં નીચે લખેલાં ગામો ભાયાતી, ખેરાતી ને નોકરીઆત મેરપસાયતાં છે.

ભાયાતી ગામો—(૧)શ્રીનગર (૨) મોરાણા (૩) કાટવાણા (૪) વાછોડા (૫) લાવડીઆ (૬) પાંડાવદર (૭) બરડીઆ એ સાત છે. તેમાં ભાયાત જેઠવા રજપૂતો ઉપજ ખાય છે.

ખેરાતી ગામો—(૧) શીંગડા–તે મહાદેવનો પૂજારી બાવો ખાય છે. (૨) રોઝીવાડા—એ જેઠવારાણાના બારોટો ખાય છે.

મેરપસાયતાં ગામો—(૧) સોઢાણા (૨) ફટાણા (૩) મોઢવાડા (૪) કેશવ (૫) ટૂકડા (૬) વીસાવાડા (૭) ખાંભોદર (૮) ભારવાડા (૯) બખરલા (૧૦) દેહેગામ (૧૧) નાગકા (૧૨) ખીઅી (૧૩) કૂછડી (૧૪) રાતડી. એ ચૌદ ગામ મેર લોકો ખાય છે. ને તેના બદલામાં મેરવેરો ભરે છે.

આ ગામો સિવાય બીજાં બધાં રાવળાં (દરબારી) ગામો છે. ને એ તમામ ગામોના નીચે પ્રમાણે નવ ટપ્પા પાડવામાં આવ્યા છે. દરેક ટપ્પામાં એક એક ટપેદાર રહે છે ને તે ટપ્પાનાં ગામોનો વહીવટ કરે છે. ટપ્પનાં નામ નીચે પ્રમાણે છે.

(૧) અડવાણા ટપ્પો. (૫) બખરલા ટપ્પો.
(૨) કુણવદર ટપ્પો. (૬) કાંટેલા ટપ્પો.

(૩) સીમર ટપ્પો. (૭) ખાંભોદર ટપ્પો.
(૪) ગોઢાણા ટપ્પો. (૮) મોઢવાડા ટપ્પો.
(૯) મિયાણી ટપ્પો.

દરેક ટપ્પાની હકીકત નીચે આપી છે.

(૧) અડવાણા ટપ્પો.

ગામ— (૧) અડવાણા (૨) ભેટકડી (૩) સોઢાણા (૪) શીંગડા. ચાર ગામ આ ટપ્પામાં છે. તેમાંનાં પહેલાં બે રાવળાં છે. સોઢાણા મેરપસાયતુ છે. ને શીંગડા ખેરાતી ગામ છે.

નદી—(૧) વરતુ—તેના ઉપર શીંગડા ગામ છે.
(૨) સોરઠી—તેના ઉપર અડવાણા ને સોઢાણા છે.

વિશેષ હકીકત—અડવાણા—એ પહેલાં મહાલનું મુખ્ય ગામ હતું. પણ હવે બગવદર થયું છે. અડવાણામાં જૂનો ગઢ, પોલીસથાણું, ટપેદારની ઑફીસ ને નિશાળ છે.

સોઢાણા—રાજમાતા કલાંબાઈ બાળરાજા ખીમાજીને લઇ અહીં તથા ટીંબીમાં રહ્યાં હતાં. સોઢાણામાં નિશાળ પણ છે.

શીંગડા—અહીં લક્ષ્મીનારાયણનું મંદિર છે.

(૨) કુણવદર ટપ્પો.

ગામ—(૧)કુણવદર (૨) મંજીવાણા (૩) મોરાણા (૪) ફુટાણા. એમાં પહેલાં બે રાવળાં, મોરાણા ભાયાતી ને ફુટાણા મેરપસાયતું ગામ છે.

નદી—(૧) વરતુ—તેનાપર મોરાણા છે; વળી ઝાલેશ્વર મહાદેવની જગો પણ છે ત્યાં ગોકળઆઠમે મેળો ભરાય છે.

વિશેષ હકીકત—કુણવદરમાં ટપેદારની ઓફીસ છે. ફુટાણામાં પોલીસથાણું છે. ને ફુટાણા તથા મંજીવાણામાં નિશાળ છે.

(૩) સીમર ટપ્પો.

ગામ—(૧) સીમર (૨) રોઝીવાડા (૩) ઇશ્વરીઆ (૪) ભોમિયાવદર (૫) પારાવાડા. તેમાં રોઝીવાડા બારોટોને આપેલું ખેરાતી ગામ છે. બાકીનાં બધાં રાવળાં છે.

નદી—(૧) વરતુ—તેનાપર ઇશ્વરીઆ, ભોમિયાવદર ને પારાવાડા છે.

વિશેષ હકીકત—સીમરમાં ટપેદારની ઓફીસ ને પોલીસથાણું છે.

(૪) ગોઢાણા ટપ્પો.

ગામ—(૧) ગોઢાણા (૨) વીંઝરાણા (૩) બાવળવાવ (૪) નાગકા (૫) ખીસ્રી (૬) કાટવાણા (૭) વાછોડા. એ સાત ગામો આ ટપ્પામાં છે. તેમાંનાં પહેલાં ચાર રાવળાં છે. ખીસ્રી મેરપસાયતુ ગામ છે. ને કાટવાણા ને વાછોડા એ ભાયાતી ગામો છે.

વિશેષ હકીકત—ગોઢાણામાં ટપેદારની ઓફીસ છે.

વાછોડા પાસે મુળુમાણેકનો પાળીઓ છે. એ મુળુમાણેક વાઘેર બા'રવટીઓ હતો. તેનો એ ઠેકાણે આશરે ત્રીશ વરસ પહેલાં મર્હૂમ મહારાણાશ્રી વિક્રમાતજીએ ઘેરી નાશ કર્યો હતો.

(૫) બખરલા ટપ્પો.

ગામ—(૧) બખરલા (૨) દેહેગામ (૩) પાંડાવદર (૪) લાવડીઆ (૫) બોરીચા (૬) બેરણ. એ ૭ ગામ આ ટપ્પામાં છે. પણ લાવડીઉં હમણાં ઉજડ થયું છે.

બખરલા ને દેહેગામ મેરપસાયતાં ગામો છે.

પાંડાવદર ને લાવડીઆ ભાયાતી ગામો છે.

બાકીનાં ગામો દરબારી છે.

વિશેષ હકીકત—બખરલાના ખૂંટીજાતના મેરો, જ્યારે નવા રાણા ગાદીપર બેસે છે ત્યારે પોતાના લોહીથી રાજતિલક કરે છે. બખરલા પાસે લોઢા તથા તાંબાની ખાણો છે. પણ હમણાં તે ધાતુઓ કાઢવામાં આવતી નથી. વળી એ ગામમાં ટપેદારની ઓફીસ, પોલીસથાણું, ને નિશાળ છે. તેમજ દેહેગામમાં પણ નિશાળ છે.

———:*:———

(૬) કાંટેલા ટપ્પો.

ગામ—(૧) કાંટેલા (૨) રીણાવાડા, (૩) પાલખડા (૪) શ્રીનગર (૫) બરડીઆ (૬) કૂછડી (૭) રાતડી. એ

સાતગામ આ ટપ્પામાં છે. તેમાંનાં પહેલાં ત્રણ દરબારી છે.
શ્રીનગર ને બરડીઆ ભાયાતી ગામ છે.
કૂછડી ને રાતડી મેરપસાયતાં ગામ છે.

વિશેષ બીના—શ્રીનગર—એ જૂના સમયમાં જેઠવારાજાની રાજધાની હતું. ત્યાં રાજા ફૂલકુમારે સૂરજનાં દહેરાં બંધાવ્યાં હતાં. પણ પાછળથી મુસલમાનોએ તે ખંડિત કરેલાં જોવામાં આવે છે.

કૂછડી—એ ગામ પાસે ખીમેશ્વર મહાદેવનાં દહેરાં છે તે રાણા ખીમાજીએ કરેલાં કહેવાય છે. આ ગામમાં નિશાળ છે.

કાંટેલા—અહીં મહાકાળેશ્વર મહાદેવ, રેવતીકુંડ ને લક્ષ્મીનારાયણનું મંદિર છે. આ ગામમાં ટપેદાર રહે છે.

પાલખડા—અહીંની જમીનમાંથી લોઢું નીકળે તેમ છે.

———— ०(*)० ————

(૭) ખાંભોદર ટપ્પો.

ગામ—આ ટપ્પામાં (૧) બગવદર (૨) કિંદરખેડા (૩) સીમાણી (૪) ખાંભોદર (૫) ભારવાડા ગામ છે. તેમાંનાં પહેલાં ત્રણ રાવળાં ને છેલ્લાં બે મેરપસાયતાં છે.

વિશેષ હકીકત—બગવદર મહાલની કચેરીનું ગામ ગણાય છે. તેમાં મામલતદાર, બીજાવર્ગનો માજીસ્ટ્રેટ, ફોજદાર ને ટપેદાર રહે છે. વળી ત્યાં દવાખાનું, પોલીસથાણું ને નિશાળ પણ છે.

સીમાણી—આ ગામ પાસે આબડેશ્વર મહાદેવની જગ્યા છે. તેની પાસેની જમીન રાતી કાંકરી વાળી છે ને ત્યાં લોઢા તથા તાંબાની ખાણો છે.

---

(૮) મોઢવાડા ટપ્પો.

ગામ—(૧) મોઢવાડા (૨) કેશવ (૩) સીસલી (૪) આંબારામા (૫) સુખપુર. તેમાં મોઢવાડા ને કેશવ મેરપસાયતાં ગામો છે ને બાકીનાં રાવળાં છે.

વિશેષ હકીકત—મોઢવાડા. આ ગામ પાસે ઘેડ નામની જમીન છે. વળી આ ગામના પટેલને સંસ્થાને સારી સેવા માટે ડંકો નિશાન આપેલાં છે. વળી આ ગામમાં ટપેદારની ઓફીસ, નિશાળ ને પોલીસથાણું છે.

---

(૯) મિયાણી ટપ્પો.

ગામ—(૧) મિયાણી (૨) વડાળા (૩) ઢૂકડા (૫) વીસાવાડા. આમાંનાં છેલ્લાં બે નોકરીઆત મેરપસાયત ગામે છે.

નદી—વર્તુઃ—આરબીસમુદ્રને મળે છે તેનાપર મિયાણી છે. આ નદીમાં (મુખમાં) સલામતીથી વહાણ રહી શકે તેવી ખાડી થયેલી છે. પહેલાં અહીં વહાણો આવતાં ને રહેતાં. ને મિયાણી બંદર તરિકે વપરાતું. પણ મુખમાં રેતી પૂરાઇ જવાથી તથા વેપારી નિર્ધન થવાથી હવે વહાણ


આવતાં નથી. જો થોડો ખરચ કરી બારૂં સુધારે તો સારૂં બંદર થાય તેમ છે.

વિશેષ હકીકત—મિયાણીઃ—અહીં ખાડીને સામેકાંઠે ટેકરીપર હર્ષદમાતાનું જૂનું ખંડિત દહેરૂં છે. લોકો કહે છે કે જગડુશાએ પોતાની સ્ત્રી, પુત્ર ને પોતાનો પણ પ્રાણ આપી ને માતાને સ્તળેટીએ આણ્યાં. પણ ખરૂં જોતાં મુસલમાનોએ દહેરૂં ને મૂર્તિ ખંડયાં છે. મિયાણી ઘણું જૂનું શહેર છે. તેની ફરતો કોટ છે. આ ગામમાં ટપેદારની ઓફીસ ને પોલીસ થાણું છે.

વીસાવાડા—આનું નામ મૂળદ્વારકાં પણ છે. અહીં જ્ઞાનવાવ ને રણછોડરાયનાં દહેરાં જોવાલાયક છે. વળી અહીં જૂનો કિલ્લો ને ગંગાજળીઉં તળાવ છે.

વડાળા—આનું જૂનું નામ બેડાળા છે. અહીંના કિલ્લા માટે રાણાસાહેબ તથા જામસાહેબનાં લશ્કરોને લડાઈ થઈ હતી.

આ ટાપો જૂનાં સ્થાનમાટે જાણીતો છે. મિયાણીની સેઢમાં ડાંગર પણ થાય છે.



(૩)

राणावाव महाल.

સીમા—ઉત્તરે અડવાણા મહાલ ને નવાનંગર સંસ્થાન, પૂર્વે જૂનાગઢનું રાજ્ય, દક્ષિણે નવીમહાલ ને પશ્ચિમે શહેર પોરબંદર તથા આરબી સમુદ્ર છે.

નદીઓ—(૧) મીણુસાર–જાગવાળીના ડુંગરમાંથી નીકળી પાદરડીના રણમાં સમાય છે. તેનાપર ખીરસરા, વાળોત્રા, ફટોરણા ને બીજગઢ છે.

(૨) બીલગંગા—બર્ડાપર્વતમાંથી નીકળી મીણુસારને મળે છે તેનાપર બીલેશ્વર, આશિયાપાટ ને ખીરસરા છે.

તળાવ-(૧) ખંભાળાટંક–ખંભાળા ગામ પાસે છે.

સમુદ્ર—આ મહાલનાં ઓખીરા ને ઓડદર દરિયાકિનારે છે. પણ કોઇ બંદર તરિકે કામમાં લેવાતું નથી. ઓખીરા પાસેના રણમાં દરિયાના ને ખારાકૂવાના પાણીથી મીઠું પકવવામાં આવે છે.

લોકો—આ મહાલની કુલ વસ્તી ૨૦૯૦૩ માણસો છે. તેમાં હિંદુ ૧૭૭૫૯, મુસલમાન ૩૧૩૦ ને પરચુરણ ૧૪ છે.

જમીન—આ મહાલની જમીન ઘણેભાગે કાળી છે. મોકળ પાસે રણ છે; તેમાં કશો પાક થતો નથી. વળી બર્ડાપર્વતમાં પણ ઘણે ભાગે ખડજ ઉગે છે. તોપણ આ પર્વતમાં ઓસડના કામમાં વપરાય એવી ઘણી વનસ્પતિ થાય છે. વળી પર્વતની તળેટીમાં ચૂનાના ધોળા પથ્થરની સારી

ખાણો છે. ને એક ઠેકાણે તો પીળા પથ્થર પણ નીકળે છે.

રેલવે—આ મહાલનું રાણાવાવ ગામ રેલવેસ્ટેશન છે. વળી એ સ્ટેશનથી આદિત્યાણાની ખાણો સુધી એક ટ્રેન પણ રોજ આવે જાય છે.

પર્વત—બર્ડાપર્વતનાં ઘણાં શીખરો આ મહાલમાં આવેલાં છે. તેનાં નામ સામાન્ય હકીકતમાં આપેલાં છે.

વિશેષ હકીકત—(૧)બીલેશ્વર:-બર્ડાપર્વતમાં પ્રસિદ્ધ મહાદેવ છે. (૨) જાંબુવાનનું ભોંયરૂં આદિત્યાણા પાસે છે; તે પણ જોવા લાયક છે. (૩) ઓડદર:-રબારીની માતાનો મઠ છે.

રાજ્ય વહીવટ—રાણાવાવ ગામમાં મહાલની દેખરેખ રાખવા ૧ મામલતદાર, તજવીજદાર, ફોજદાર, બીજાવર્ગનો માજીસ્ટ્રેટ વગેરે રહે છે. વળી મહાલના લોકોની સુખાકારીમાટે દવાખાનું પણ ઉઘાડેલું છે. આ મહાલના આઠ ટપ્પા પાડેલા છે, ને તે દરેકમાં એક એક ટપેદાર રહે છે. આ મહાલમાં ભાયાતી ગામ બાપોદર છે, મેરપસાયતાં ગામ બોખીરા ને ઓડદર છે. ને બીલેશ્વર ખેરાતી છે.

આ મહાલના ટપ્પાનાં નામ.

(૧) રાણાવાવ ટપ્પો.	(૫) કંડોરણા ટપ્પો.
(૨) આદિત્યાણા ટપ્પો.	(૬) મોકળ ટપ્પો.
(૩) બોરડી ટપ્પો.	(૭) છાંયા ટપ્પો.
(૪) બીરસરા ટપ્પો.	(૮) બોખીરા ટપ્પો.

દરેક ટપ્પાની વિગત નીચે આપી છે.

(૧) રાણાવાવ ટપ્પો.

ગામ—(૧) રાણાવાવ (૨) ભોદ. એ બે રાવળાં ગામ આ ટપ્પામાં છે.

વિશેષ બીના—રાણાવાવ—મહાલની કચેરીનુ આ મુખ્ય ગામ છે. તેમાં મામલતદાર, બીજા વર્ગના માજીસ્ટ્રેટ, ફોજદાર ને તજવીજદાર રહે છે. વળી અહીં એક દવાખાનું, કન્યાશાળા, છોકરાની શાળા ને પોષ્ટ ઓફીસ પણ છે. વળી આ ગામ રેલવે સ્ટેશન છે. પહેલાં આ ગામમાં લોઢું ગાળવાની ભઠ્ઠીઓ હતી, પણ ૭૦ વર્ષથી તે બંધ પડી છે. અહીંના મેમણો નાતાલ વિ. દૂર દેશોમાં જઇ સારી કમાણી કરતા જણાય છે

---

(૨) આદિત્યાણા ટપ્પો.

ગામ—(૧) આદિત્યાણા (૨) અમરદડ (૩) પીંપળીઆ (૪) આદિત્યપુર. એ ચાર રાવળાં ગામ આ ટપ્પામાં છે.

વિશેષ હકીકત—

આદિત્યાણાની ખાણોનો ધોળો પથ્થર ઘણે દૂર દેશાવર જાય છે ને વખણાય છે. વળી આ ગામ પાસે જાંબુવાનનું ભોંયરૂં છે. કહે છે કે એમાં જાંબુવાન નામે ભયંકર રીંછ રહેતો હતો. તેની સાથે શ્રીકૃષ્ણે મણિ માટે ૧૭ દિવસ યુદ્ધ કર્યું. છેલ્લે જ્યારે જાંબુવાન હાર્યો ત્યારે તેણે પોતાની દીકરી જાંબુવતી કૃષ્ણને પરણાવી, ને પહેરામણિમાં મણિ આપ્યો. આ ગામ મર્હૂમ રાણાશ્રીએ શ્રી પ્રતાપ-

સિંહજીને ગરાસમાં આપેલું હતું; પણ તેમના વંશમાં કોઈ ન હોવાથી આમ પાછું રાજ્યમાં મળી ગયું છે. આ ગામે ટપેદારની ઓફીસ, દરબારગઢ, નિશાળ ને વાડી છે.

(૩) બોરડી ટપ્પો.

ગામ—(૧) બોરડી (૨) આશિયાપાટ (૩) બીલેશ્વર (૪) ખંભાળા (૫) સાતવીરા ને (૬) ઉમરીવાળા. વળી એ ઉપરાંત ૧ સાજણાવાળો ૨ અજમાપાટ ૩ શેરમલંઠી ૪ જાંબુડીઓ ૫ કરવલ ૬ ખોડીઆરનો. એ નેસ પણ આ ટપ્પામાં છે. આમાં બીલેશ્વર ખેરાતી ગામ છે.

નદી—(૧) બીલેશ્વરી–એના ઉપર આશિયાપાટ ને બીલેશ્વર છે.

તળાવ—ખંભાળા તળાવઃ–ટેકરીઓને જોડી બનાવેલું આ તળાવ બાંધકામનો સારો નમુનો છે. તેના પાણીથી ખેતીને પણ સારો લાભ થાય તેમ છે.

વિશેષ હકીકત—બીલેશ્વર તીર્થની જગા છે. વળી મહાદેવની પૂજા પેટે આ ગામ રાણા સાહેબે બાવાને ખેરાતમાં આપેલું છે.

બોરડી—ટપેદારની ઓફીસ છે.

સાતવીરા ને આશીઆ પાટઃ—પોલીસનાં થાણાં છે.

આ ટપ્પામાં બરડા પર્વતનાં ઘણાં શિખરો આવેલાં છે. (નામ માટે સામાન્ય હકીકત જુઓ.)

(૪) ખીરસરા ટપ્પો,

ગામ—(૧) ખીરસરા (૨) વાળોત્રા (૩) ડેયર (૪) આણી-
આળી એ ચાર રાવળાં ગામ આ ટપ્પામાં છે.

નદી—૧ મીણુસારઃ—તેનાપર ખીરસરા ને વાળોત્રા છે.
૨ ભીલગંગાઃ—એ ખીરસના પાસે માણુસારને મળે છે.

વિશેષ હકીકત—ખીરસરામાં ટપેદાર રહે છે. વળી ખીરસરા ને વાળોત્રામાં નિશાળ પણ છે.

---

(૫) કંડોરણા ટપ્પો.

ગામ—(૧) કંડોરણા (૨) વડવાળા (૩) ખીજગઢ, આ સિવાય ચોટા ગામમાં પણ આ સંસ્થાનની જમીન છે. તેની ત્રસુલાત આ ટપ્પામાં આવે છે. આ બધાં ગામ રાવળાંછે.

નદી—મીણુસાર તેના ઉપર કંડોરણા ને ખીજગઢ.

વિશેષ હકીકત.

કંડોરણા—આ કિલ્લો આશરે સોએક વર્ષ પહેલાં એક જમાદારે એક લાખ કોરી બદ જામ સાહેબને વેચી દીધો. જેથી રાણા સાહેબે અંગ્રેજ સરકારની મદદથી પાછો મેળવ્યો છે. આ ગામમાં ગઢ, મુસાફરી બંગલો, પોલીસ થાણું, નિશાળ, પોષ્ટ ઓફીસ ને ટપેદારની ઓફીસ છે. વડવાળામાં પણ નિશાળ છે.

---

(૬) મોકળ ટપ્પો.

ગામ (૧) મોકળ (૨) કેશાળા (૩) પાદરડી (૪) બાપોદર. આમાંનાં પહેલાં ત્રણ ગામ રાવળાં છે. ને બાપોદર બાયાતી ગામ છે; ને તેનો વહીવટ કુમાર શ્રી વિજયસિંહજી કરે છે.

વિશેષ હકીકત—મોકળ:—અહીં ટપેદારની ઓફીસ છે. વળી આ ગામ પાસે મોટું રણ છે. તેમાં કાંઈ પાક થતો નથી.

---

(૭) છાંયા ટપ્પો

ગામ—(૧) છાંયા (૨) ઓડદર (૩) રતનપુર (૪) વીરપુર (૫) ધરમપુર એ પાંચ છે. તેમાં ઓડદર મેરપસાયતું ગામ છે; બાકીનાં બધાં રાવળાં છે.

વિશેષ હકીકત—છાંયા—પોરબંદર પહેલાં જેઠવારાણાની રાજગાદી અહીં હતી. રાજમાતા કલાંબાઇએ પાટનગર બનાવી છાંયાને શોભાવ્યું હતું; પણ હમણાં તે ખંડિયેર જેવું થઈ ગયું છે. આશરે સોએક વર્ષ પહેલાં છાંયા આગળ રાજકુમાર પ્રથારાજજીને અંગ્રેજ લશ્કર સાથે લડાઇ થઇ તેમાં દરબારગઢનો ઘણો ભાગ નાશ પામ્યો છે. વળી અહીં જેઠવાની કુળદેવી વિંધ્યવાસિની માતાનું સ્થાન છે. છાંયામાં ઉનનું કાપડ તથા વહાણના શઢનું લુગડું સારૂં વણાય છે, વળી આ ગામમાં ટપેદારની ઓફીસ ને નિશાળ છે.

ઓડદર—અહીં રબારીની મહામાયા (મંમાઈ) માતાનો

મઢ છે. ત્યાં રબારીનો મેળો ભરાય છે. ઓડદરમાં પોલીસથાણું ને નિશાળ પણ છે.

---

(૮) બોખીરા ટપ્પો.

ગામ—(૧) બોખીરા (૨) ખાપટ (૩) કોલીખડા. તેમાં બોખીરા મેરપસાયતું ગામ છે. બાકીનાં બે રાવળાં છે.

વિશેષ હકીકત. બોખીરા—પોરબંદર વસ્યા પહેલાં આ ગામ બંદર તરિકે પરદેશમાં જાણીતું હતું. પણ હવે તેમ નથી. આ ગામ પાસે મીઠાના અગર છે, વળી અહીં ટપેદારની ઓફીસ ને નિશાળ પણ છે.



(૪)

નવી બંદર મહાલ.

સીમા—ઉત્તરે રાણાવાવ મહાલ, પૂર્વે જુનાગઢ સંસ્થાન અને દક્ષિણે તથા પશ્ચિમે આરબી સમુદ્ર છે.

નદીઓ—(૧) ભાદર-મદાવાના ડુંગરમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે. તેના ઉપર નવીબંદર છે.

(૨) ઓઝત-ગિરના ડુંગરમાંથી નીકળી નવીબંદરની પૂર્વે ભાદરને મળે છે.

(૩) મધુવંતી-નળના ડુંગરમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે, તેના મુખ પાસે પાતા ગામ છે.

દરિયો—આ મહાલનાં ટૂકડા, ગોસા, રાજપુર, ચીકાસા, રાતીઆ, નવીબંદર, ઉંટડા, બળેજ, મોચા, ગોરસર, ચીંગરીઆ, પાતા ને માધવપુર દરિયા કાંઠે છે. પણ તેમાંનાં નવીબંદર ને માધવપુર બે બંદર તરીકે કામમાં લેવાયછે.

જમીન—આ મહાલમાં નવીબંદરથી માધવપુર સુધીમાં ઘેડ નામની જમીન છે. પણ તેમાં મીઠું પાણી રહેવાથી જુવાર, બાજરી વગેરે પાક થાય છે. માધવપુર પાસે કુંડાની જમીન છે તે બહુ રસાળ છે. આ મહાલની જમીન એકંદર રસાળ મણાય છે. તોપણ ઘણીવાર ભાદર ને ઓઝતમાં રેલો આવવાથી ઘેડનો તૈયાર થયેલો મોલ તણાઇ કે સડી જાય છે.

ભાત્રાસ્થળ (૧) માધવપુર, શ્રી કૃષ્ણ ભગવાન્ રૂક્મિણીજીને અહીં પરણ્યા કહેવાય છે. અહીં ચૈત્ર શુદિ પુનેમે મેળો ભરાય છે. (૨) બળેજ—રબારીની માતાનો આ ગામમાં મઠ છે. ત્યાં ઘણું ભાગે આશો શુદિ ૯ ને દિવસે મેળો ભરાય છે તેમાં ઘણા રબારીઓ આવેછે.

રાજ્ય વહીવટ. નવીબંદર—આ ગામમાં મહાલની દેખરેખ રાખવા ૧ મામલતદાર તજવીજદાર, બીજા વર્ગનો માજીસ્ટ્રેટને ફોજદાર રહે છે. વળી આ મહાલના આઠ ટપ્પા પાડેલા છે ને તે દરેકમાં એક એક ટપેદાર રહે છે. આ મહાલનાં બધાં ગામ રાવળાંજ છે. લોકોની સુખાકારી માટે માધવપુરમાં એક દવાખાનું પણ છે.

આ મહાલના ટપ્પાનાં નામ.

(૧) નવીબંદર ટપ્પો.	(૫) બળેજ ટપ્પો.
(૨) ભડ ટપ્પો.	(૬) કડછ ટપ્પો.
(૩) ગોસા ટપ્પો.	(૭) મંડેર ટપ્પો.
(૪) ગરેજ ટપ્પો.	(૮) માધવપુર ટપ્પો.

આ ટપ્પાની હકીકત પાછળ આપી છે,

---

(૧) નવી બંદર ટપ્પો.

ગામ—(૧) નવીબંદર; રાવળું આ એકજ ગામ આ ટપ્પામાંછે.

નદી—(૧) ભાદર. તેના ઉપર નવીબંદર. અહીં આ નદી આરબી સમુદ્રને મળેછે.ભાદરના મુખમાં થઈ ઘણે દૂર સુધી દરિયાનું પાણી જતું. આમ ન થાય માટે સંસ્થાને મોટે ખર્ચે

ભાદર ઉપર નમુના લાયક પૂલ બંધાવ્યો છે. તેથી હરકત દૂર થઇ છે. ને ખેતીવાડીને પણ લાભ થયો છે.

(૨) ઓઝત. નવીબંદર પાસે ભાદરને મળે છે.

વિશેષ બીના—નવીબંદર—આ ગામમાં મામલતદાર, તજવીજદાર ને ફોજદાર રહેછે. પોલીસથાણું, નિશાળ, ટપાલ ઓફીસ ને મુસાફરી બંગલો પણ અહીંછે. વળી દીવાદાંડી પણ છે. નવીબંદરની ફરતો કોટ છે. આશરે સવાસો વરસ પહેલાં માંગરોળના શેખમીઆંએ આ કોટપર હલ્લો કર્યો હતો. પણ રાણાસાહેબે તેને હરાવ્યો હતો.

નદીનું મુખ પૂરાતું જવાથી તથા ધનવાન વેપારી ન હોવાથી અહીંનો વેપાર ઘટતો જાય છે.

(૨) ભડ ટપ્પો.

ગામ—(૧) ભડ (૨) મિત્રાળા (૩) દેબોદર (૪) એરડા. એ ચાર રાવળાં ગામ આ ટપ્પામાં છે. તેમાંનાં કોઇમાં જેઠવા ભાયાતોની થોડી જમીન છે.

વિશેષ હકીકત—આ ગામો ભાદર ને તેના ફાંટાઓ ઉપર છતાં પણ દરિયાનું પાણી ભાદરમાં આવતાં અહીં મીઠા પાણીની તંગી પડતી હતી. પણ પૂલ થતાં હવે હરકત દૂર થશે એમ લાગે છે. ભડમાં ટપેદારની ઓફીસ, નિશાળ ને પોલીસ થાણું છે.

(૩) ગોસા ટપ્પો.

ગામ—(૧) ગોસા (૨) ટૂકડા (૩) રાજપુર (૪) ચિકાશા (૫) કેશોદ. એ પાંચ રાવળાં ગામ આ ટપ્પામાં છે.

વિશેષ હકીકત—ગોસા પાસે બારૂંછે. તેમાં દરિયાનું પાણી ભરાઇ રહે છે. પહેલાં ગોસાનો બંદર તરિકે ઉપયોગ થતો; પણ બારાનું મોં રેતીથી પુરાઇ જતાં હવે થતો નથી. ગોસામાં ટપેદારની ઓફીસ ને નિશાળ છે.

(૪) ગરેજ ટપ્પો.

ગામ—(૧) ગરેજ (૨) રાતીઆ (રાતીઆનેશ.) એ બે રાવળાં ગામ આ ટપ્પામાં છે. રાતીઆના પેટામાં રાતીઆનેશ ગણાય છે.ગોગનબેટ એ માત્ર ખેડાતો જમીનછે તે આ ટપ્પામાં ગણાય છે.

વિશેષ હકીકત—ગરેજમાં ટપેદારની ઓફીસ તથા નિશાળછે.

(૫) બળેજ ટપ્પો.

ગામ—(૧) બળેજ (એના પેટામાં ૧ ભૂવાકેડો. ૨ ચિત્રાકેડો. ૩ ભાણુસરા એ ત્રણ નેસ પણ ગણાય છે.) (૨) ઉંટડા એ બે રાવળાં ગામ આ ટપ્પામાં છે.

વિશેષ હકીકત—ભૂવાકેડો—આમાં રબારીની મહામાયા (મમાઇ) માતાનો મઢ છે. ત્યાં આશો શુદિ ૯ ને દિવસે રબારીનો મેળો ભરાય છે.

ભાણુસરામાં ભાણુ જેઠવાનાં બંધાવેલાં દહેરાં ને સ-
ગકુંડનાં ખંડિએર છે.

બળેજમાં ટપેદારની ઓફીસ, નિશાળ ને પારસનાથની
જગ્યા છે.

---

(૬) કડછ ટપ્પો.

ગામ—(૧) કડછ (૨) ગોરસર (૩) મોચા. એ ત્રણ રાવળાં
ગામ આ ટપ્પામાં છે.

વિશેષ હકીકત—રાહમંડળીકના વંશના રાયજાદા જાગીરદારની
કડછમાં જમીન છે. વળી કડછમાં ટપેદારની ઓફીસ ને
નિશાળ છે.

---

(૭) મંડેર ટપ્પો.

ગામ—(૧) મંડેર (૨) ચીંગરીઆ (૩) પાતા. એ ત્રણ રા-
વળાં ગામ આ ટપ્પામાં છે.

નદી—(૧) મધુવંતી—તેના મુખ પાસે પાતા છે.

વિશેષ હકીકત—પાતા પાસે જૂનાં દહેરાં છે. તે મુસલમાનોએ
ખંડિત કરેલાં છે. વળી મધુવંતીના બારામાં માધવપુરથી
ઠાકોરજી ઝીલણા અગીઆરસેં જળ ઝીલવા પધારે છે ત્યારે
મેળો ભરાય છે.

મંડેરમાં ટપેદારની ઓફીસ ને નિશાળ છે. વળી
માંડાવદરના જેઠવા ભાયાતોના ગરાસની થોડી જમીન પણ છે.

---

(૮) માધવપુર ટપ્પો.

ગામ—(૧) માધવપુર (મૂળ માધવપુર સહિત) એ એકજ રાવળું ગામ આ ટપ્પામાં છે.

જાત્રાનુ ઠેકાણું—આ ગામ જાત્રાના ઠેકાણા તરિકે આખા દેશમાં જાણીતું છે. અહીંઆં માધવરાયનું મંદિર છે. વળી મધુવનમાં રૂકિમણીજીનુ મંદિર. ચોરી, માયનાં વગેરે છે. વળી માધવપુર તથા મૂળ માધવપુરમાં માધવરાયનાં જૂનાં કોતરણીવાળાં દહેરાં છે. તે મુસલમાનોએ ખંડિત કરેલાં છે. માધવપુરમાં કેટલાક કુંડો ને દહેરાં પણ તીર્થસ્થળ ગણાય છે.

વિશેષ હકીકત—માધવપુરઃ—આ ગામ માંગરોળના સુબા પાસેથી પોણાબસો વર્ષ પહેલાં રાણાસાહેબે વેચાતું લીધું છે. વળી આ ગામપર પહેલાં મુસલમાનોના વારંવાર હુમલા થયેલા છે. માધવપુર પાસે વહાણને રહેવા ખાડી નથી તોપણ આડબંદર તરિકે તે ઉપયોગમાં લેવાય છે. આ ગામમાં દવાખાનું, નિશાળ, પોલીસથાણું ને મ્યુનિસિપાલીટી છે.

સમાપ્ત

ખુશ ખબર.

પરમહંસ—વિદ્વાન બંગાળીએ ... તકનું ભાષાંતર, ... સચિત્ર શ્રીઓનાં મનહર ચરાકો વર્ણવે ... ૦-૮-૦; છતાં શિક્ષક વર્ગને ૦-૧૨-૦ ના ભાવનું ઠેકાણું નીચે પ્રમાણે.

જ. કા. પાઠક.

રાજકોટ.